જે વ્યક્તિ વાત વાતમાં વચનો આપતી હોય એનો ક્યારેય વિશ્વાસ ન કરવો
- રામકૃષ્ણ પરમહંસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૮૩ | ૨૩ ડિસેમ્બર, ૨૦૧૨, રવિવાર; માગશર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ઠંડા પવનોથી ગાંધીનગર ઠંડુગાર

## ઠંડા પવનના સુસવાટાથી જનજીવનને ઘેરી અસર : ૧૨.૫ ડિગ્રી સુધી પારો ઉતર્યો : ગરમ વસ્ત્રોની ખરીદીમાં તેજી

ગાંધીનગર, ૨૨

શિયાળાની જમાવટ થઈ ચુકી છે. લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. છેલ્લા બે દિવસથી ફુંકાઈ રહેલા સુસવાટાભર્યા ઠંડા પવનોએ પાટનગરના જનજીવનને ભારે અસર પહોંચાડી રહ્યા છે. લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિગ્રી સુધી પહોંચી ગયું છે.

ઠંડીની અસર હવે જનજીવન પર થવા માંડી છે. સવારે આઠ-સાડા આઠ સુધી તો સૂર્ય આકાશમાં ઉંચે આવતો ન હોવાથી ઠંડીની અસર વધુ વર્તાય છે. સાંજે પણ છ વાગે તો અંધારૂ થઈ જતાં વસાહતીઓ ઘરભેગા થવા માંડે છે. બજારોમાં પણ ભીડ ઓછી થઈ જાય છે. રાત્રે આઠ સાડા આઠ સુધીમાં તો બજારો સાવ સુમસામ થઈ જાય છે. ઘરની બહાર નીકળતા વસાહતીઓ પણ ગરમ વસ્ત્રો પહેરીને ઠંડીથી બચે છે. નાઈટ ડ્યુટી કરતો સીક્યોરીટી સ્ટાફ અને પોલીસ સ્ટાફ તાપણાં સળગાવી ઠંડીને ભગાડવાની કોશીશ કરે છે. ગરમ વસ્ત્રોની ખરીદીમાં તેજી આવી ગઈ છે. શિયાળામાં ખવાતા વસાણાઓ વસાહતીઓ ખરીદી રહ્યા છે. તૈયાર વસાણા ઉપરાંત ઘરે બનાવાતા વસાણાઓમાં વપરાતી સામગ્રીની ખરીદી તેજ બની છે.

છેલ્લા બે દિવસથી ઠંડી વધી હોય તેવુ લાગી રહ્યું છે. જો કે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પારો ખુબ ઘટ્યો નથી પરંતુ પવનની ગતિ વધી છે. પવન વધતા રાત્રે તો કડકડતી ઠંડીનો અનુભવ થાય જ છે સાથે સાથે દિવસે પણ ખુબ ઠંડી લાગે છે.

દિવસે બપોરે ઘરની બહાર નીકળો તો પણ ગરમ વસ્ત્રો પહેરવાની જરૂરીયાત ઉભી થાય છે. ઠંડો પવન એટલી અસર ઉભી કરે છે કે ઘરનું ફ્લોરીંગ પણ સાવ ઠંડુ થઈ જાય છે. મોજા કે ચંપલ પહેર્યા વિના ફ્લોરીંગ પર પગ મુકી શકાતો નથી. વહેલી સવારે શાળાએ જતાં બાળકોની હાલત વધુ કફોડી બની છે. ઠંડા પવનોનો સામનો કરવા તેઓ ગરમ વસ્ત્રોના બે-ત્રણ થર કરીને શાળાએ પહોંચે છે. દ્વિ ચક્રી વાહનો પર જતાં બાળકો તો ઠંડીમાં ઠુંઠવાઈ જતા હોવાનું જોવા મળે છે. ઠંડા પવનોની સીધી અસર જનજીવન પર થઈ રહી છે.



## ગુજરાતમાં કાતિલ ઠંડીનું મોજું

### ઉત્તરીય રાજ્યોં હિમવર્ષાના કારણે રાજ્યમાં ઠંડી વધી : સૌરાષ્ટ્ર અને કચ્છમાં લોકોને હાડ થીજાવતી ઠંડીનો અહેસાસ : અમદાવાદમાં તાપમાન ૧૪.૭ ડિગ્રી : કડકડતી ઠંડી પડવાની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ, તા. ૨૨

સમગ્ર ઉત્તર ભારતમાં થઈ રહેલી કાતિલ હિમવર્ષા અને અત્યંત ઠંડા કાતિલ પવનોની અસર રૂપે સૌરાષ્ટ્ર-કચ્છમાં લોકો હાડ થિજાવતી ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. અલબત્ત રાજ્યભરમાં ગઈ કાલની સરખામણીએ આજે ઠંડીના પ્રમાણમાં આંશિક ઘટાડો નોંધાયો છે. પરંતુ ઉત્તરીય રાજ્યોમાં થતી હિમવર્ષાને પગલે ફૂંકાઈ રહેલા ઠંડા પવનોના કારણે રાજ્યવાસીઓ કાતિલ ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. ત્યારે આગામી દિવસોમાં હજુ કડકડતી ઠંડી પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

ગુજરાતની સાથે સાથે ઉત્તર ભારતમાં પણ કાતિલ ઠંડીનું મોજું ફેલાયેલું છે. કાતિલ ઠંડીના કારણે રાજસ્થાન, હરિયાણા અને પંજાબના મેદાની ભાગોમાં પણ લોકો તીવ્ર ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. આ રાજ્યોના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ૪ ડિગ્રીથી ૮ ડિગ્રી વચ્ચે નોંધાયું છે. ધુમ્મસની ચાદર પણ ફેલાયેલી છે જેના કારણે જનજીવનને અસર થઈ છે. વાહન વ્યવહાર આડે પણ સવારમાં અડચણો ઊભી થઈ ગઈ છે. સાવચેતીના પગલાં રૂપે જાન્યુઆરી મહિનામાં ટ્રેનો રદ કરવાની જાહેરાત પહેલાંથી જ કરવામાં આવી ચૂકી છે. કચ્છનું નલિયા રાજ્યમાં હજુ પણ સૌથી વધુ ૮.૫ ડિ.સે. ઠંડી સાથે અગ્રેસર છે. બીજી તરફ આ સિવાય રાજ્યના અન્ય ભાગોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડીનું સામાન્ય મોજું જળવાઈ રહ્યું હતું. સોમવારની સરખામણીએ અમદાવાદના લઘુતમ તાપમાનમાં એક ડિગ્રી જેટલો વધારો થતા ઠંડી સામાન્ય ઘટી છે. જો કે, તેની સાથે સાથે દિવસભર ૬ થી ૧૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાવાને કારણે ઠંડીનો ચમકારો વર્તાય તેવી શક્યતા છે.

## હવે દિવસ લાંબો અને રાત ટૂંકી થશે

### ૨૧મી ડિસેમ્બરે સૌથી લાંબી રાત અને સૌથી ટુંકા દિવસનો અનુભવ થયો

ગાંધીનગર, ૨૨

૨૧મી ડિસેમ્બરનો દિવસ ખગોળીય દૃષ્ટિએ ખુબ મહત્વનો બની રહ્યો હતો. આ દિવસે સૌથી લાંબી રાત અને સૌથી ટુંકા દિવસનો અનુભવ થયો હતો.

શિયાળાના દિવસો દરમ્યાન સૌથી લાંબી રાતનો અનુભવ શુક્રવારે થયો હતો. ૨૧મી ડિસેમ્બરે દિવસનો સમયગાળો સૌથી ઓછો ૧૦ કલાકને ૪૦ મિનિટનો રહ્યો હતો જ્યારે રાત્રીનો સમયગાળો ૧૩ કલાકને ૨૦ મિનિટનો રહ્યો હતો. આજથી દિવસનો સમયગાળો મોટો થઈ રહ્યો છે. અને રાત્રી ટુંકી થતી જોવા મળશે. આ દિવસે સૂર્યનો ઉત્તર ગોળાર્ધ તરફ જવાનો આરંભ થશે. સાયન પદ્ધતિ પ્રમાણે શિશિર ઋતુનો પ્રારંભ થઈ ચુક્યો છે. સૂર્યાસ્ત સમયે મંગળ, ગુરૂ અને ચંદ્ર ઉપરાંત વહેલી સવારે શનિ-બુધ ચંદ્ર ગ્રહોની અદ્‌ભૂત યુતિ જોવા મળી હતી.



એ કાઈપો છે.... ઉત્તરાયણ નજીક આવતા પતંગ બજારમાં તેજી આવી ગઈ છે. પતંગ બનાવવામાં કારીગરો વ્યસ્ત થઈ ગયા છે. આ વખતે પતંગ બજારમાં ગરમી રહેશે એવું વેપારીઓ માની રહ્યા છે...

## ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી બારણે

### ગાંધીનગર તાલુકા પંચાયત અને માણસા નગર પંચાયતની ચૂંટણી માટે વહીવટીતંત્રએ તૈયારીઓ આરંભી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકા પંચાયત અને માણસા નગરપંચાયતની ચૂંટણી માટેની તૈયારીઓ જિલ્લા તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે.

જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીઓ સંપન્ન થતાં જ તંત્ર માટે હવે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મુદત જે ફેબ્રુઆરી માસમાં પૂર્ણ થઈ રહી છે તેની સામાન્ય ચૂંટણીઓ યોજવા માટેની કવાયત હાથ ધરી છે.

જિલ્લામાં ગાંધીનગર તાલુકા પંચાયત તેમજ માણસા નગરપાલિકાની મુદત ફેબ્રુઆરી માસમાં પૂર્ણ થઈ રહી છે. ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૧ બેઠકો છે. આ માટેની મતદાર યાદીની પ્રસિદ્ધિ થઈ ચુકી છે. જ્યારે માણસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ માટે નવ વોર્ડ છે. આમાં ૨૭ બેઠકો માટે જંગ ખેલાશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ ચૂંટણીની તૈયારીમાં મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ બાદ ચૂંટણી અધિકારીઓની નિમણુંકો કરવામાં આવી રહી છે. આ કાર્યવાહી એકાદ-બે દિવસમાં પૂર્ણ કરી દેવાશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાની એક માત્ર તાલુકા પંચાયતની આ ચૂંટણી માટે બન્ને પક્ષો દ્વારા ખાનગીમાં તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

ગાંધીનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પક્ષની એક સભ્યની બહુમતિ ધરાવે છે જો કે સત્તાના સૂત્રો ભાજપ પાસે છે. આ તાલુકા પંચાયત કબ્જે કરવા માટે કોંગ્રેસ પક્ષે હવે કમર કસી છે. તો બીજી તરફ ભાજપ પણ તક જતી કરવાના મૂડમાં નથી. જો કે બન્ને પક્ષોની નજર રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આ અંગેની જાહેરાત થાય તેના પર ટીકી છે.

દરમ્યાન રાજ્ય ચૂંટણી પંચના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે તૈયારીઓ જરૂર ચાલી રહી છે પણ આ ચૂંટણીઓ જાહેર કરવામાં ૧૫ દિવસ પછી વિચારણા હાથ ધરાશે. આ માટે તંત્ર પાસેથી હજુ કેટલીક વિગતો એકત્ર કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

## મગોડી પાટિયા પાસે બે ડમ્પર સામસામે ટકરાતાં બેનાં મોત : ત્રણની હાલત ગંભીર

ગાંધીનગર, તા. ૨૨

ચિલોડા-દહેગામ રોડ પર મગોડી પાટિયા પાસે આજે મોડી સાંજે થયેલા એક ગમખ્વાર અકસ્માતમાં બે વ્યક્તિઓનાં મોત નિપજ્યાં છે અને ઈજા પામનારા આઠ વ્યક્તિઓ પૈકી ત્રણની હાલત ગંભીર છે, જેમને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

અકસ્માત બે ડમ્પર સામસામે અથડાવાથી સર્જાયો હતો, જેમાં બંનેના ચાલકોનાં સ્થળ પર જ મોત નિપજ્યાં હતાં. આ બે પૈકી વિષ્ણુભાઈ અમરતભાઈ ઠાકોર (નવાનગર, દહેગામ)ની ઓળખ થઈ ચૂકી છે, અન્ય ચાલકની ઓળખ થવી હજુ બાકી છે.

અન્ય ત્રણની હાલત ગંભીર જણાતાં તેમને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માત કેટલો ભયાનક છે એનો અંદાજ એ બાબત પરથી આવી જાય છે કે કચ્ચરઘાણ વળી ગયેલા ડમ્પરમાં ફસાયેલા એક ઘાયલ વ્યક્તિને બહાર કાઢવા માટે અડધા કલાક જેટલો સમય લાગ્યો હતો અને ત્યાં સુધી એ વ્યક્તિ જીવિત છે કે નહીં એ બાબત વિશે પણ અનિશ્ચિતતા પ્રવર્તતી હતી.

અકસ્માતમાં ઈજા પામનારા વ્યક્તિઓમાં દહેગામ પોલીસના એએસઆઈ તથા ટ્રાફિક બ્રિગેડના બે જવાનો પણ સામેલ હતા, જે પોતાની ડ્યુટી પૂર્ણ કરીને ઘર તરફ જઈ રહ્યા હતા.

અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તેમણે ઘાયલોને ખસેડવાની કામગીરી સંભાળી લીધી હતી. દહેગામ પોલીસનો સઘળો સ્ટાફ પણ અકસ્માતના સ્થળે તાબડતોબ પહોંચી ગયો હતો.

અકસ્માતને કારણે રસ્તો રોકાઈ ગયો હતો અને ટ્રાફિક જામ થઈ ગયો હતો. વાહનોની એક કિલોમીટર સુધી લાંબી કતાર લાગી ચૂકી હતી. આ કારણે પોલીસને નાછૂટકે ટ્રાફિક મગોડી ગામમાં ડાઈવર્ટ કરવો પડ્યો હતો. આ લખાઈ રહ્યું છે ત્યારે પણ વાહનો મગોડી ગામમાં થઈને ચિલોડા તરફ આગળ વધી રહ્યાં છે. અકસ્માતના સ્થળે પોલીસની કાર્યવાહી ચાલુ છે.

આ અકસ્માતમાં મોત પામનારા અન્ય ચાલક અને ઈજા પામનારા વ્યક્તિઓની ઓળખ બાબતે કાર્યવાહી ચાલી રહી હોવાથી એ બાબતે કોઈ માહિતી મળી શકી નથી. પરંતુ, આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી લોકોનાં ટોળાં અકસ્માત સ્થળે ઉમટી રહ્યાં છે અને પોલીસે મામલો સંભાળી લીધો છે.


બાલાજી ફાર્મ



પ્રસંગ તમારો ચિંતા અમારી
શાહીબાગથી માત્ર ૮ કી.મી.
લગ્ન પ્રસંગ, રીસેપ્શન, કોર્પોરેટ ઈવેન્ટ્સ માટે બુકિંગ ચાલુ છે.
500 થી 2000 માણસની ક્ષમતા તથા પાર્કીંગ સુવિધા સાથે
2013નું બુકિંગ ચાલુ છે.
વિશાલ ડેકોરેટર્સ
9558815365 / 079-40075760/61
એપોલો હોસ્પિટલની સામે, ભાટ,
એરપોર્ટ-ગાંધીનગર હાઈ-વે, અમદાવાદ-380012.

ખૂબ ખૂબ આભાર...



લી. શ્રી જુગાજી ઠાકોર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

કાલીચંડી જ્યોતિષ
9925384314

TVના રીમોટ મળશે
આપનું કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો : ૯૭૧૪૧૯૮૩૬૬

ગાંધીનગર બાર એસોસિએશન
ગાંધીનગર બાર એસોસિએશન